# બાયડ કોંગ્રેસમાં ઉમેદવારને પગલે ભડકો

બાયડ, તા. ૨૬

બાયડ વિધાન સભાના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલાએ કોંગ્રેસ જોડેથી છેડો ફાડી દીધ્યો છે. ત્યારે બાયડ બેઠક પર કોંગ્રેસે થોડા સમય પહેલા ઠાકોર ક્ષત્રીય સેનામાં રહી ધવલસિંહ ઝાલાએ કોંગ્રેસ તેમજ ભાજપનો વિરોધ કર્યા હતો.અને હવે કોંગ્રેસે તેમને બાયડ વિધાનસભાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉત્તાર્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લા પંચાયતની બાયડની છ બેઠકમાંથી હાલમાં ભાજપ જોડે એક બેઠક છે અને કોંગ્રેસ પાસે પાંચ બેઠક છે તેમાંથી કોંગ્રેસના પાંચ જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો સહીત બાયડ-માલપુર કોંગ્રેસ સંગઠનના કેટલાંક કાર્યકતોઓએ રાજીનામાંની ચીમકી ઉચ્ચારી છે. કોંગ્રેસ દ્વારા ધવલસિંહની ટીકીટ રદ કરવામાં આવશે નહી તો બાયડ માલપુર કોંગ્રેસ સંગઠનમાંથી મોટા નેતાઓ રાજીનામું આપી દેશે તેવી દહેશત ઉભી થઈ છે.

અરવલ્લી જીલ્લા પંચાયતના ઉપ્રપ્રમુખ કિર્તીભાઇ પટેલ સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું કે બાયડ તેમજ માલપુર કોંગ્રેસ સંગઠનને માત્રને માત્ર ઉમેદવારનો જ વિરોધ છે. જો ઉમેદવાર બદલવામાં નહી આવે તો સમગ્ર બાયડ-માલપુર કોંગ્રેસ સંગઠનના લોકો સામુહીક રાજીનામુ ધરી દેશું. પક્ષ દ્વારા સંગઠનના કોઈપણ સભ્યને કોંગ્રેસની ટીકીટ ફાળવવામાં આવશે તો સમગ્ર કોંગ્રેસ સંગઠન હર્ષભેર વધાવી લેશે.

# શિહોરી ખાતે ભાજપના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાની સભા યોજાઈ



શિહોરી, તા. ૨૬

ગુજરાત વિધાનસભા-૨૦૧૭ના ચૂંટણી પ્રચાર પ્રસાર જોરશોરથી શરૂ થયા છે. ત્યારે કાંકરેજ વિધાનસભા-૧૫ માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાએ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ શરૂ કરી દિધા છે. ત્યારે પ્રથમ ખસા ગામે બાબુભાઈ પટેલની જીનીંગમાં પટેલ આગેવાનોને મલ્યા હતા. ત્યારબાદ શિહોરી ખાતે ગાયમાતાના મંદિરે દર્શન કરી વિજયના આશિર્વાદ મેળવી શિહોરીમાં સભાને સંબોધન કર્યુ હતુ. જેમાં તાલુકામાં વિકાસના કામોને પ્રથમ પ્રાયોરીટી તેમજ ખેડૂતો માટે નર્મદા કેનાલના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવા માટે મતદારોને ખાતરી આપી હતી. આ પ્રસંગે ભારતસિંહ ભટેસરીયા, હંસપુરી ગૌસ્વામી, અશ્વિનભાઈ શાહ (વકિલ) શાન્તુભા ડાભી, સમુજી ડાભી, જગદિશ આચાર્ય સહિત બ્રાહ્મણ, ઠાકોરના આગેવાનો તેમજ વેપારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કિર્તિસિંહ વાઘેલાએ ગાયમાતાના પૂજારીને રૂ. ૫૧૦૦ ભેટ ધરી ગૌચરણમાં શિષ નમાવી વિજયના આશિર્વાદ લીધા હતા અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તમામ મતદાતાઓનો આભાર માન્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં વડાપ્રધાનની મનકી બાત સાંભળવાના કાર્યક્રમો યોજાયા

## જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિત ભાજપના કાર્યકર્તાઓ સ્થાનિકો સાથે બેસી મનકી બાત સાંભળી



મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લામાં મોડાસા વિધાનસભા ક્ષેત્રના ૩૩૧ બુથ સહિત જિલ્લાના ૧૦૩૯ બુથો ઉપર આજે રવિવારે રેડિયો ઉપર પ્રસારિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મનકી બાત ટીવી માધ્યમથી કાર્યકરો સાથે સ્થાનિક લોકોએ સાંભળી હતી.

જેમાં મોડાસા, ભિલોડા, બાયડ, ધનસુરા, મેઘરજ, માલપુર સહિત ૬ તાલુકાઓ અને મોડાસા અને બાયડ શહેરી વિસ્તારો મળી જુદા જુદા બુથ ઉપર જિલ્લાકક્ષાએથી લઈ તાલુકા-ગ્રામ્ય સ્તર સુધીના બુથ લેવલ કાર્યકર્તાઓએ પણ જોડાઈને વડાપ્રધાનની મનકી બાત સાંભળી હતી અને ચાય પે ચર્ચા કરી હતી. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને જિલ્લા ટીમ, ઓરદેશ સ્તરના જિલ્લાના કાર્યકરો, સહકારી આગેવાનો, તાલુકા-જિલ્લાના પદાધિકારીઓ પણ જોડાયા હતા.

મોડાસાના રાજલી બુથ ઉપરના વિસ્તારક અને મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસ પટેલના જણાવ્યાનુસાર વડાપ્રધાનની મનકી બાત કાર્યક્રમો જિલ્લાના ૧૦૩૯ બુથો પર યોજવા આયોજન સ્થાનિકો તેમજ વિસ્તારકો દ્વારા કરાતાં ભાજપના પદાધિકારીઓ, કાર્યકરો, મોરચા-સેલ તેમજ તાલુકા-જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જીલ્લાની ૩ વિધાનસભાની બેઠક પર કોંગ્રેસે ઉમેદવારો જાહેર કર્યા

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાની ત્રણ બેઠકો પર ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે જીત મેળવી હતી. રાહુલ ગાંધીની બાયડ ખાતે સભામાં ઉત્તર ગુજરાતના નિરીક્ષક જગદીશ ઠાકોર સાથે રાખી ઉમેદવાર ક્યાં ક્યાં મૂકવા તેને આખરી ઓપ આપી રહ્યાં હતાં. બીજે દિવસે સવારે બાયડ, મોડાસા, ભિલોડાના કોંગ્રેસે ઉમેદવાર જાહેર કર્યા હતાં. ગત વિધાનસભાની ચૂંટણીમાં બાયડ ખાતે મહેન્દ્રસિંહ વાઘેલાએ મોટી લીડ સાથે જીત હાંસલ કરી હતી. હાલમાં કોંગ્રેસ તેમજ ધારાસભ્યપદ પરથી રાજીનામું ધરી દેતા બાયડ બેઠક માટે કોંગ્રેસ ઉમેદવાર જાહેર કર્યો છે તે ઉમેદવાર ઠાકોર ક્ષત્રીય સેનામાંથી થોડા સમય પહેલા કોંગ્રેસમાં જોડાયા છે ને ત્યારે વિધાનસભાની ટીકીટ તેવા ઉમેદવારને ફાળવતાં બાયડ કોંગ્રેસે સંગઠનના કેટલાંક મોટા નેતાઓ અને કાર્યકર્તાઓ નારાજ થયા હતાં. થોડા સમય અગાઉ કોંગ્રેસના કાર્યકર્તાઓ સામુહિક રાજીનામાં આપી દેશુ તેવી ચીમકી સમગ્ર બાયડ કોંગ્રેસ સગંઠને ઉચ્ચારી હતી.



મોડાસા વિધાનસભાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને ફરીથી તેમને રીપીટ કરતાં તેમના સમર્થકો તેમના નિવાસસ્થાને પહોંચીને અભિનંદન પાઠવ્યા હતાં. રાજ્યસભાની ચૂંટણીમાં રાજેન્દ્રસિંહ ઠાકોરે એહમદ પટેલને મત આપી પોતાની વિધાનસભાની ટીકીટ કન્ફમ કરી દિધી હતી.

# ખેડબ્રહ્માંમાં સીનીયર સિવિલ કોર્ટ અને એડિશનલ ચીફ જ્યુડી. કોર્ટનું ઉદ્દઘાટન




ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્માંમાં શનિવારના રોજ પ્રિન્સિપાલ સીનીયર સિવિલ જજ અને અડીશનલ ચીફ મેજિસ્ટ્રેટ કોર્ટનો ઉદ્દઘાટન સમારોહ કોર્ટ સંકુલમાં યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત હાઈકોર્ટના વરિષ્ટ જજ અને સાબરકાંઠા જિલ્લાના યુનિટ જજ એસ.જી શાહ ઉપસ્થિત રહ્યા હતા, જેમનું બાર એસો.એ ફૂલ અને મોમેન્ટો આપી સ્વાગત કર્યુ હતું. એસ. જી. શાહે રીબીન કાપી તથા તક્તિનું અનાવરણ કરી કોર્ટ ખુલ્લી મૂકી હતી અને નવા નિમણુંક પામેલ જજ એસ. ડી. પરમારને ડાયસ પર પદ ગ્રહણ કરાવી શુભેછાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડિસ્ટિક્ટ પ્રિન્સિપાલ જજ કે. બી. ગુજરાથી તથા જિલ્લાના તમામ જ્યુડી અધિકારીઓ તથા ખેડબ્રહ્મા તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ-તલોદની બેઠક પર મહેન્દ્રસિંહ બારૈયાને રીપીટ

## તેમનુ કામ તથા લોક ચાહનાને લઇને ફરી રીપીટ કરવામાં આવ્યાં : નામ જાહેર થતાં કોંગ્રેસ કાર્યકરો સમર્થકો સહિત સગાસંબંધીઓની તેમના ઘરે ભીડ જામી

પ્રાંતિજ, તા. ૨૬

કોંગ્રેસ દ્વારા બીજી યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં ૩૩ વિધાનસભા પ્રાંતિજ-તલોદના ઉમેદવાર તરીકે મહેન્દ્રસિંહ બારૈયાના નામની જાહેરાત કરવામાં આવી હતી અને ફરી ટીકીટ આપવામાં આવી છે. તો તેમના સમર્થકો તથા કોંગ્રેસ કાર્યકરો કોંગ્રેસ કાર્યાલય ખાતે એકઠા થયા હતાં અને ફટાકડાં ફોડી આનંદ વ્યક્ત કર્યો. પ્રાંતિજ-તલોદ ૩૩ વિધાનસભાના ઉમેદવાર તરીકે કોંગ્રેસ દ્વારા આ વખતે પણ પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ચાલુ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તેમના કામ તથા લોક ચાહનાને લઈને ફરી રીપીટ કરવામાં આવ્યાં છે. તો તેમનુ નામ જાહેર થતાં કોંગ્રેસના કાર્યકરો સમર્થકો સગાસંબંધીઓ સહિત લોકો તેમના ઘરે ઉમટી પડ્યા હતાં અને તેમણે ટીકીટ મળતાં ભાખરીયા બસ સ્ટેશન ખાતે



ફટાકડાં ફોડી આનંદ વ્યક્ત કર્યો હતો તો તેમના ઘરે ભીડ જોવા મળી હતી અને તવોને અભિનંદન પાઠવવા માટે પ્રાંતિજ સહિત આજુબાજુનાં ગામોમાંથી કાર્યકરો સમર્થકો ઉમટી પડ્યા હતાં તો મહેન્દ્રસિંહ બારૈયાએ કોંગ્રેસ પાટી તથા કોંગ્રેસ કાર્યકરો આગેવાનો તથા સમર્થકો ઉપસ્થિત સોવકોઈનો આભાર પણ માન્યો હતો. તો હવે પ્રાંતિજ વિધાનસભામાં ખરાખરીનો ખેલ જામશે ત્યારે પ્રાંતિજ-તલોદ રાજકિય દંગલ ખેલાઈ રહ્યું છે તો અહીં ક્ષત્રિય સમાજના મતદારોનું વધુ પ્રભુત્વ હોય બન્ને પક્ષોએ ક્ષત્રિય ઠાકોર સમાજનાં દિગ્ગજોને ચુંટણી લડવા મેદાનમાં ઉતારવા આવ્યાં છે તો હવે જોવાનું એ રહ્યું કે મતદારો કોને વિજયની માળા પહેરાવશે એ તો હવે જોવાનું રહ્યું.

# ગાયત્રી પરિવાર તલોદના સત્સંગ ભવનનું ઉદ્દઘાટન



તલોદ, તા. ૨૬

તલોદમાં ઘણા વર્ષોથી ગાયત્રી પરિવાર દ્વારા વેદમાતા, વિશ્વમાતા ગાયત્રી માતાજીના અનેક ધાર્મિક કાર્યો કરવામાં આવી રહ્યા છે. તલોદમાં વિવિધ સ્થળોએ સત્સંગનું આયોજન થતુ હતુ. તે માટે ચોક્કસ રકમની જરૂરિયાત હોવાથી ગાયત્રી પરિવાર દ્વારા દાતાઓના સહયોગથી તલોદ માર્કેટયાર્ડમાં સત્સંગ થાય તેવા શુભ હેતુથી સત્સંગ હોલનું નિર્માણ કરાયુ હતુ. જે સત્સંગ હોલનું રવિવારના રોજ ગાયત્રી પરિવારજનો તથા ધાર્મિક લોકોની ઉપસ્થિતિમાં વિધિવત રીતે ઉદ્દઘાટન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ગાયત્રી પરિવાર દ્વારા પંચકુંડી યજ્ઞ યોજવામાં આવ્યો હતો. એમાં સર્વ સુખાધારી માટે આહુતી અપાઈ હતી. આ ધાર્મિક કાર્યોમાં સહયોગ બદલ દાતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતુ. પરિવારજનોમાં સારી કામગીરી બદલ પરિજનોને સન્માનવામાં આવ્યા હતાં.

આ નવા નિર્મિત સત્સંગ હોલમાં નિયમિત રીતે પૂજા-પાઠ, હોમહવન, સ્વાધ્યાય જેવા અનેક ધાર્મિક કાર્યો કરવામાં આવશે. જેનાથી પરિવારજનો સૌ ભેગા મળી ગાયત્રી માતાજીએ પસંદ કરવામાં અંશદાન અને સમયદાન ફાળવી વેદમાતાને પ્રસન્ન કરવા માટે ગુરૂદેવ શ્રી રામશર્મા આચાર્યના આદેશનું પાલન પણ કરવામાં આવશે.

ધામધૂમથી યોજાયેલા આ સત્સંગ હોલમાં પંચકુંડી યજ્ઞમાં આહુતી સમયે ગુરૂદેવનો સાક્ષાત્કાર હોવાની લાગણી પણ પરિજનોમાં ઉભી થઈ હતી.

# નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં યુનિક-યુ સ્કૂલ, ઈડર રાજ્યકક્ષાએ

ઈડર, તા. ૨૬

યુનિક-યુ સ્કૂલ ઈડર ગ્રામ્ય વિસ્તારમાં બાળકોને ગુણવત્તાસભર આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ આપતી વિશિષ્ટ સ્કૂલ છે. તાજેતરમાં અમદાવાદ ખાતે નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં યુનિક-યુ-સ્કૂલ વતી પટેલ તન્વી મુકેશભાઈએ 'યુટીલાઈઝેશન ઓફ એક્સેસ ફુડ' પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. કે.બી. દેસાઈ અર્બુદા પ્રાથમિક શાળા વતી પટેલ માહી મનીષભાઈએ 'કુદરતી સ્ત્રોતનું વ્યવસ્થાપન' ઉપર પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. ૩૩ જિલ્લાના ૩૦૦થી વધુ યંગ સાયન્ટીસ્ટ તરીકે સાબરકાંઠાના પ્રતિનિધિ તરીકે અને વિદ્યાર્થીનીઓના ઉત્કૃષ્ઠ દેખાવની નોંધ રાજ્યસ્તરે લેવાઈ છે. સતત ચાર વર્ષથી યુનિક-યુ ના વિદ્યાર્થીઓએ રાજ્યસ્તરે વિજ્ઞાનના પ્રોજેક્ટ રજૂ કરી ઈડર-સાબરકાંઠાને ગૌરવ અપાવ્યુ છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન જીજ્ઞેશ બારોટ અને વિનોદભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. સમગ્ર પ્રોત્સાહન આચાર્ય હર્ષદભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું.

# ડીસામાં કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ રબારી સોમવારે ઉમેદવારી ફોર્મ ભરશે

ડીસા, તા. ૨૬

ડીસા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર તરીકે ગોવાભાઈ દેસાઈ સોમવારે ડીસા પ્રાંત કચેરી ખાતે તેઓનું ઉમેદવારી ફોર્મ ભરશે. જિલ્લાના પીઢ કોંગ્રેસી આગેવાન ગોવાભાઈને કોંગ્રેસ દ્વારા સતત ત્રીજી ટર્મ માટે ડીસા બેઠકના ઉમેદવાર બનાવાયા છે.

ડીસા વિધાનસભા બેઠક માટે જિલ્લાના પીઢ કોંગ્રેસી આગેવાન અને સહકારી અગ્રણી ગોવાભાઈ હમીરાભાઈ રબારી કોંગ્રેસના ઉમેદવાર તરીકે સોમવારે પોતાનું ઉમેદવારી પત્ર ભરશે. જેથી ડીસા શહેર અને તાલુકાના મતદારોમાં આનંદની લાગણી ફેલાઈ છે. ગોવાભાઈ સર્વ સમાજને તેમજ નાનાથી લઈ મોટા સૌને સાથે લઈ ચાલનાર વ્યક્તિ છે. જીલ્લાના ખેડૂતો, વેપારીઓ તેમજ યુવાઓના પ્રશ્નો અંગે વારંવાર વિધાનસભા ગજવતા અને જિલ્લાના પ્રશ્નો પ્રત્યે હંમેશા લડતા અને તેમની રજૂઆતો સરળતાથી સાંભળતા ગોવાભાઈ રબારીને જીતાડવા ડીસાના તમામ મતદારો ઉત્સુક છે.

સોમવારે તેઓ ઉમેદવારી પત્ર ભરે તે અગાઉ વંદના પાર્ટી પ્લોટ ખાતે બેઠક યોજશે. જેમાં જિલ્લાના કોંગ્રેસના અગ્રણીઓ, ડીસાના કાર્યકરો, મહિલા કોંગ્રેસ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ. આઈ.ના કાર્યકરો, ખેડૂતો, વેપારીઓ તેમજ મતદારોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# કાંકરેજ તાલુકાના શિહોરી, કુંવારવા અને આકોલીમાં હડકાયા કુતરાનો આતંક

## ૬ લોકોને બચકા ભર્યા : રાહદારી અને ખેડૂતોમાં ફફડાટ



કાંકરેજ, તા. ૨૬

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકામાં હડકાયા કુતરાનો આતંક મચી ગયો છે. ત્યારે કુંવારવા ગામના ૪ વ્યક્તિને બચકા ભર્યા જ્યારે આકોલીમાં ૪ વર્ષના બાળકને ડુચો ભરતાં હાહાકાર મચી જવા પામ્યો છે. જેમાં ૧૦ વર્ષની એક દિકરીને શિહોરીમાં કુતરૂ કરડવાનો બનાવ સામે આવતા એક જ દિવસમાં સવારે ૬ લોકોને કુતરાએ કરડતા શિહોરી સીએચસી ખાતે સારવાર માટે લવાયા હતા. જોકે રવિવાર હોવા છતાં ડોક્ટર માનસુંગભાઈ ચૌધરીએ તમામની સારવાર કરી હતી અને હડકાયા કુતરાના ઈંજેક્શનો આપ્યા હતા. આમ એક જ સાથે ત્રણ ગામોમાં ૬ લોકોને કુતરાએ ઝપાટે લઈ બચકા ભરી લેતા હાહાકાર મચી જવા પામ્યો છે. આમ જેબરબેન પ્રજાપતિ, ઉં. વ. ૬૫- કુંવારવા, કોમલ પ્રજાપતિ-કુંવારવા, ઈલાબેન પંચાલ-કુંવારવા, ગંગીબેન ઠાકોર-કુંવારવા, સાહિલ રાનેરા-આકોલી, પૂજાબેન પટણી-શિહોરીવાળાને કુતરાએ બચકા ભરી લેતા તમામને શિહોરી રેફરલ હોસ્પિટલમાં સારવાર કરાવી હતી.

## લડવું પડશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ કહ્યું, ×ભારતીય નૌકાદળ આપણા દેશને સુરક્ષા પ્રદાન કરે છે. ભારતીય સંસ્કૃતિ નદી કિનારે સમુદ્ર કિનારે વિકસી છે. આપણા દેશનો મહાસાગર સાથે અતૂટ સંબંધ રહ્યો છે. વિશ્વમાં બહુ ઓછી નૌકાસેનાઓએ મહિલાઓને પરવાનગી આપી છે. નૌસેનાને યાદ કરીએ છીએ ત્યારે છત્રપતિ શિવાજીની નૌકાસેનાના યોગદાનને કેમ ભૂલી શકાય. સમુદ્રી કિલ્લાઓની સુરક્ષા મરાઠા નેવી કરતી હતી. આપણી ભારતીય નૌકાસેનાએ પણ વિભિન્ન યુદ્ધોમાં પોતાનું પરાક્રમ દર્શાવ્યું છે. નવતાના કામમાં ભારતીય નૌસેનાનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ગોવાનો મુક્તિસંગ્રામ હોય કે ભારત-પાક યુદ્ધ હોય, નૌસેનાનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે.

શનિવારે મોદીએ ટ્વીટ કર્યુ હતું, "જાણીને ખુશી થઈ કે ગુજરાતમાં બીજેપીના કાર્યકર્તા બૂથ લેવલ પર જઈને બધાની મનકી બાત સાંભળશે.નરેન્દ્ર મોદી ૨૭ અને ૨૯ નવેમ્બરે ગુજરાતમાં રહેશે. આ બે દિવસોમાં તેઓ ૮ રેલીઓ કરશે. ગુજરાતમાં પાર્ટીના ઈન્ચાર્જ ભૂપેન્દ્ર યાદવે ગુરુવારે આ જાણકારી આપી.

# રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા

અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી જીલ્લાની કારોબારી આજરોજ ભગવાનદાસના અધ્યક્ષસ્થાને ભીલોડા ખાતે ટીચર્સ મંડળીના મકાનમાં મળેલી. જેમાં રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રતિનિધિ અરવલ્લી જીલ્લા માટે ચૂંટણી યોજાયેલ જેમાં સતીષ પટેલનો હષમુખ પટેલ સામે ભવ્ય વિજય થયો હતો. સતીષ પટેલને આ ભવ્ય વિજય બદલ રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, સમગ્ર અરવલ્લી જીલ્લાના પ્રાથમિક શિક્ષકો તથા તાલુકા અને જીલ્લા સંઘના હોદેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

# કાંકરેજ બેઠક માટે ૩૧ ઉમેદવારીપત્રો ઉપડ્યા

## કાંકરેજ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપ સિવાયની અન્ય પાર્ટીના ઉમેદવારો આવશે મેદાનમાં

કાંકરેજ, તા. ૨૬

પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાત વિધાનસભાના બ્યુગલ ફુંકાઈ ચૂક્યા છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ પક્ષે એડી-ચોટીનું જોર લગાવી પ્રચાર પ્રસાર ચાલુ કરી દીધો છે. ત્યારે અનેક અટકળો સાથે કાંકરેજ વિધાનસભા-૧૫ની બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વાઘેલા કિર્તીસિંહ પ્રભાતસિંહની જાહેરાત થતાં જ ભાજપ કાર્યકરો ગેલમાં આવી ગયા છે. જ્યારે કોંગ્રેસમાં અનેક અટકળોનો દોર યથાવત રહેવા પામ્યો છે. ધારાસભ્ય ધારસીભાઈ ખાનપુરાએ અને તેમના પુત્ર ભવાનભાઈ ખાનપુરાએ ચૂંટણી લડવા માટે રણનિતી ઘડી તૈયાર કરી છે. જ્યારે કોંગ્રેસના અગ્રણી એવા લેબુજી ભુદરજી ઠાકોર પાદરડીવાળા પણ નોંધાવી શકે છે અપક્ષમાં ઉમેદવારી જ્યારે ભાજપમાંથી નારાજ થયેલા પટેલ અણદાભાઈ રામાભાઈએ પણ પોતાના સમર્થકો સાથે અપક્ષ લડવા માટેની તૈયારીઓ દર્શાવી હોય તેવુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આમ ૨૦૧૭માં કોંગ્રેસ અને ભાજપ બન્ને પક્ષના કાર્યકરો નારજગીના ફેક્ટર ઉપર અપક્ષ ઝંપલાવે તો નવાઈ નહિ. ત્યારે બીજી અન્ય પાર્ટીઓ ભારતીય સામાજીક પાર્ટી, બહુજન સમાજપાર્ટી, ગુજરાત જનચેતના પાર્ટી, જન વિકલ્પ પાર્ટી આમ કુલ ૬ રાજકિય પાર્ટીઓ આવી શકે છે મેદાનમાં જ્યારે અપક્ષના ઉમેદવારો પણ નોંધાવી શકે છે. ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૭-૧૧-૨૦૧૭ હોવાથી કાંકરેજ મામલતદાર કચેરીએ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ફોર્મ ભરવાની પ્રક્રિયા થશે. જો કે તા. ૨૪-૧૧-૨૦૧૭ના રોજ ભારતીય સામાજીક પાર્ટીના ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી ખાતુ ખોલાવી દિધુ છે. ત્યારે છેલ્લી ઘડીએ કેટલા ફોર્મ રજુ થશે તે જેવું રહ્યુ. કાંકરેજ વિધાનસભા-૧૫ના મુખ્ય ચૂંટણી અધિકારી એસ.જે. ચાવડા અને મદદનિશ ચૂંટણી અધિકારી એસ.એ. ચૌહાણ (મામલતદાર કાંકરેજ)ની રાહબરી હેઠળ ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્રો રજુ કરશે. જો કે ૨૮-૧૧-૨૦૧૭ના રોજ ફોર્મની ચકાસણી કરાશે. જ્યારે તા. ૨૯-૩૦- ફોર્મ પરત ખેંચાશે અને તા. ૧૪-૧૨-૨૦૧૭ના રોજ સવારે ચૂંટણી યોજાશે.